ચોરીની મોટર સાયકલ સાથે આરોપીને ઝડપી પાડી વાહન ચોરીના કુલ-૦૪ વણશોધાયેલ ગુનાઓનો ભેદ ઉકેલતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં મિલ્કત સબંધીત ગુનાઓ તેમજ વાહન ચોરીના વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા ક્રાઈમ બ્રાંચના પોલીસ માણસોની ટીમ કામગીરીમાં રોકાયેલ હતી. દરમ્યાન નાસતા ફરતા સ્કોડના પોલીસ માણસો હે.કો.શૈલેષ રાધેબિહારી અને પો.કો.મનોજ તુકારામ નાઓને મળેલ હકીકત આધારે પાંડેસરા ડી-માર્ટની સામે સર્વીસ રોડ પરથી આરોપી:-સુરજસીંગ ઉર્ફે ધુંધરૂ s/o રવીન્દ્રસીંગ જાતે સીંગ ઉ.વ.૨૦ રહે.મકાન નં.૬૧, ૬૨, વિશ્વતનગર સોસાયટી, લક્ષ્મીનગરની બાજુમાં બમરોલી રોડ પાંડેસરા, સુરત. મુળ રહે.ગામ.ભંગરા થાના.દાઉદપુર જી.છપરા. (ઉત્તરપ્રદેશ).નાને હોન્ડા સાઈન મો.સા.ની સાથે પકડી પાડી પુછપરછ કરતા તેણે તેના સાગરીતો ગુડ્ડુ પાંડે, અમિત મિશ્રા, દેવા, કુન્ના, ટીફી, નાઓ સાથે મળી રાત્રીના સમયે ફરવા નીકળતા તે વખતે રાત્રીના સમયે પાંડેસરાના અલગ અલગ વિસ્તારોમાંથી બીજી ત્રણ મોટર સાયકલોની ચોરી કરેલાની કબુલાત કરતા તેની પાસેથી ચોરીની મોટર સાયકલ નંગ-૨ કિ.રૂ.૫૦,૦૦૦/- ના મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે અને નીચે મુજબના વણશોધાયેલ વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે.

ડીટેક્ટ કરેલ ગુનાઓ:-(૧) ઉધના પો.સ્ટે. । ગુ.ર.નં.૨૦૭/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તા.૨૨/૦૮/૨૦૧૯ (૨) પાંડેસરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૨૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ. તા.૦૧/૦૭/૨૦૧૯. (૩) પાંડેસરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૭૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ. તા.૨૨/૦૭/૨૦૧૯ (૪) પાંડેસરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૬૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તા.૦૪/૦૮/૨૦૧૯.